


## સલામી સવારની..

*જ્ઞાતિ ને સમાજમાં ભાગલા પડાવે છે ખૂરશી!*
*ત્યાગી ધર્મગુરુઓને કોર્ટ ચડાવે છે ખૂરશી!*
*રડાવે છે ખૂરશી સાથી - સંબંધોને આઘાત આપી -*
*પિતા-પુત્રને વૈરભાવથી લડાવે છે ખૂરશી!*
*(અખિલ-મુલાયમ બાખડ્યા)*

*ઝબોળી નાખો!*
*‘વિકાસ’ નો નકશો -*
*ભગવા રંગે...*
*(વડોદરા એરપોર્ટ વિવાદ)*

*ચીન સાથે જ*
*ઉદ્યોગખાતાં નો જ.*
*કરી લ્યો એમોયુ!!*
*(પછી સ્વદેશી જ કહેવાય!!)*

## ચિંતન

**સંપત્તૌ કોમલં ચિત્તં સાદોરાપદિકર્કશમ્ ।**
**સુકુમારં મધૌ પત્રં તરોઃ સ્થાન્ કઠિનં શુચૌ ॥**

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

સંપત્તિમાં સજ્જનોનું મન કોમળ અને આફતમાં કઠોર બની જાય છે. વસંતઋતુમાં પાંદડું જેમ કોમળ અને પાનખરમાં કઠોર બની જાય છે.

ધન-સંપત્તિ હોય અને સાથે સદ્‌ગુણ હોય, તો સંસ્કારી વ્યક્તિને કદાપિ સત્તા-સંપત્તિ કે સ્થાનનું અભિમાન આવતું નથી પરંતુ સાત્ત્વિક અને હકારાત્મક વિચારોને કારણે ‘મન’ અને ‘આચરણ’ નમ્ર-કોમળ રહે છે મદ-અભિમાન આવતાં નથી.

આવી સંસ્કારી વ્યક્તિ જયારે પણ મુશ્કેલી-સંકટ-આપત્તિમાં પણ આવી પડે ત્યારે હિંમતભેર - વિવેકપૂર્ણ તેનો સામનો પણ કરી શકે છે.

## સુવિચાર

- ધર્મમાં ભક્તિમાર્ગ તારક હોઈ શકે, રાજનીતિમાં તો તે મારક જ છે - **ડો. આંબેડકર**
- પરમેશ્વરની પૂજા માટે હિમાલય જઈને બેસવાની જરુર નથી જયાં હોય ત્યાં જે કામ કરતા હોવ તે ઈશ્વરને અર્પણ કરો - **વિનોબા ભાવે**
- આપણા સુખમાં સમાજનો ભાગ છે એમ સમજીને માલિકીનો હક જતો કરવો - **ચિત્રલેખા**
- અભ્યાસની લંબાઈ-પહોળાઈ ન જોવાય, પણ ઊંડાઈ જ જોવાય - **ઝેન કથન**
- જે મન હંમેશા તુલના કરે છે, માપે છે, તે હંમેશા ભ્રમનું નિર્માણ કરે છે - **જે. કૃષ્ણમૂર્તિ**
- બધા જ પ્રકારની લાલસા વિરમી ગઈ હોય તેવી સાદાઈમાં જ ઈશ્વરની કૃપા પ્રાપ્ત થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ‘હું’ એ તો કેવળ પ્રતિક્રિયા છે, જાતને સમજવી એટલે પ્રતિક્રિયાનો અંત લાવવો - **પૂજ્ય મોટા**
- આજનું ઔષધ : અરડૂસીના પાનના રસના ૩ થી ૪ ટીપાં નાકમાં નાખવાથી નસકોરી બંધ થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આજકાલ અધિકારીશ્રીઓ, પ્રધાનશ્રીઓ, માલ્યાઓ અને ટૂંકે રસ્તે અબજોપતિ થનારા, લોકોને લૂંટનારા એટલું કેમ નથી વિચારતા કે માત્ર દાલ-રોટી અને બે ગજ જમીન સિવાય એને કંઈ કામ આવવાનું નથી. બે નંબરી બધી આવક અહીં જ રહી જવાની છે!!

ધનીરામ ખૂબ કંજૂસ વેપારી હતો અને ગામમાં ખેડૂતોને વ્યાજે નાણા આપી ખૂબ શોષણ કરતો અને લૂંટી લેતો. દયાનો છાંટો પણ ન હતો. ગામ આખાની જમીન એને ચોપડે ગિરવે હતી.

એ ગામમાં સંત ગુરુદેવ નાનક પધાર્યા. ખેડૂતોને સુખદુઃખના હાલ પૂછ્યા. બધા ખેડૂતોની વાતને અંતે દુઃખના કારણને રોલે ‘ધનીરામ’ના સ્વભાવ-પાપ-અત્યાચાર પાસે અટકતો હતો.

ધનીરામ પણ દર્શને આવ્યો. નાનકદેવ તેને પોતાના સાફામાંથી સોય કાઢી - આપતા કહ્યું, ‘ધનીરામ તમે જયારે સ્વર્ગમાં મને મળો ત્યારે આ સોય મને ત્યાં આપજો - તમારા ‘હિસાબ’ ના મેં ખૂબ વખાણ સાંભળ્યા છે.’

ધનીરામે સ્મિત સાથે પૂછ્યું - બાબા, આ સોય મૃત્યુ પછી મારી સાથે કેમ આવશે? નાનકદેવ દહે - ધનીરામ, તમે આટલું સમજો છતાં ખેડૂતોનું શોષણ કેમ કરો છો? ધનીરામને જ્ઞાન થયું....

# રીટા બહુગુણાનો પક્ષપલટો : કોંગ્રેસ કરતાં વધુ ભાજપની મજબૂરી!

કયારેક ઉત્તરપ્રદેશમાં બ્રાહ્મણ નેતૃત્વની બોલબાલા હતી. ગાંધીજીના જમાનાની કોંગ્રેસના સૌથી વરિષ્ઠ નેતાઓ પંડિત મોતીલાલ નહેરુ અને પંડિત મદનમોહન માલવીય કે પુરુષોત્તમદાસ ટંડનથી લઈ પં. ગોવિંદવલ્લભ પંત, પં. કમલાપતિ ત્રિપાઠી અને હેમવતીનંદન બહુગુણા કે નારાયણ દત્ત તિવારી અને કૃષ્ણચંદ પંત અને ઉમાશંકર દીક્ષિત સુધીના બ્રાહ્મણ નેતાઓ ઉત્તરપ્રદેશને જ નહીં, બલકે સમસ્ત રાષ્ટ્રને સક્ષમ નેતૃત્વ પુરું પાડેલું છે. ધીરે ધીરે બ્રાહ્મણ નેતૃત્વનો કરિશ્મા ઓસરતો ગયો, છતાં દેશનાં અન્ય રાજયોની સરખામણીમાં ઉત્તારપ્રદેશમાં બ્રાહ્મણોનું હજી પણ નોંધપાત્ર વર્ચસ્વ રહ્યું છે. તેથી ખુલ દલિતોના મસીલા ગણાતાં બસપાનાં સર્વેસર્વા માયાવતીને પણ ચૂંટણી જંગ જીતવા દલિત-બ્રાહ્મણ સમીકરણ અપનાવવું પડ્યું હતું તે સર્વવિદિત છે. ભાજપ મૂળે ‘લાલા’ કહેતાં વેપારીવર્ગની પાર્ટી. તેણે ઉત્તરપ્રદેશમાં લાલજી ટંડન જેવા બ્રાહ્મણ નેતાને સાથે રાખ્યા તો વળી મુરલી મનોહર જોષી તો રાષ્ટ્રીય સ્તરે પ્રભાવક વરિષ્ઠ નેતા તરીકે સ્થાપિત થયા. ભાજપમાં બ્રાહ્મણ નેતાઓની ખોટ નથી, છતાં રીટા બહુગુણાને પાર્ટીમાં સામેલ કરવાની જે મનોવૈજ્ઞાનિક ફાયદો થાય છે, તેનું મહત્ત્વ છે. રીટા બહુગુણા વર્ષો સુધી ઉત્તરપ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ રહ્યા. વારંવાર ધારાસભા અને લોકસભાની ચૂંટણીઓ પણ લડતાં રહ્યા. અલબત્ત, વારંવાર હારવાનો વિક્રમ પણ એમના નામે છે. પરંતુ તેઓ હેમવતીનંદન બહુગુણાનાં પુત્રી બલકે રાજકીય વારસ તરીકે ઉત્તરપ્રદેશની પ્રજામાં એક વિશિષ્ટ પહેચાન ધરાવે છે. એમના ભાઈને તેઓ હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી બનાવી શક્યાં હતા. અલબત્ત, અતિવૃષ્ટિની ટ્રેજેડી વખતે તેઓ નિષ્ફળ સાબિત થયા હતા અને તેથી એમના વિરોધી જૂથના હાથમાં સત્તા સરી ગયા પછી એમણે પણ ભાજપનું શરણું સ્વીકાર્યું હતું. કોંગ્રેસને આવા પ્રતિષ્ઠિત પરિવારના જવાથી કેટલું નુકશાન થશે એ અત્યારે કહેવું મુશ્કેલ છે. ઉત્તરપ્રદેશમાં જયારથી ટેકનોક્રેટ પ્રશાંત કિશોરના સૂચન મુજબ કોંગ્રેસનું પાયામાંથી પુનર્નિર્માણ થઈ રહ્યું છે ત્યારથી રીટા બહુગુણાને હાંસિયે ધકેલી દેવાયા હતાં. પરંતુ પાર્ટીના સિનિયર નેતા તરીકે તેઓ પક્ષપલટો કરીને ભાજપમાં પ્રવેશ કરશે, એવું તો કદાચ રાહુલ ગાંધીએ પણ નહીં ધાર્યું હોય. રીટાએ પક્ષ છોડવા માટે રાહુલ ગાંધીના મોદી વિરોધી બયાનને આગળ ધર્યું છે. મોદી સૈનિકો અને શહીદોના લોહીની દલાલી કરી રહ્યા હોવાનો ઉગ્ર આક્ષેપ રીટાને વધુ પડતો લાગ્યો! ખરું કારણ તો શીલા દિક્ષિતને મુખ્યમંત્રીના ચહેરા તરીકે આગળ કરાયાં તે જ હશે! ઉત્તરપ્રદેશની પ્રદેશ સમિતિના પ્રમુખ રાજ બબ્બરે રીટાના જવાથી કોંગ્રેસને કોઈ નુકશાન નહીં થાય, એવું નિવેદન કર્યું છે. નુકશાન તો સામાન્ય બૂથલેવલના કાર્યકરના

**તંત્રીસ્થાનેથી...**

પક્ષપલટાથી પણ થતું હોય છે. રીટા બહુગુણા તો ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસનાં લગભગ સર્વેસર્વા કહીએ તેવાં નેતા હતા. એ વાત જુદી છે કે ખુદ સોનિયા-રાહુલ ઉત્તરપ્રદેશમાંથી જ ચૂંટણી લડતાં રહ્યાં છે અને તેઓ ઉત્તરપ્રદેશને પોતાની હોમલેન્ડ ગણે છે. પક્ષાંતર પ્રવૃત્તિ એ જનમાનસમાં અતિશય હીનભાવ જગાડતી પ્રવૃત્તિ છે, પરંતુ ચૂંટણી ટાણે આ પ્રકારની પ્રવૃત્તિ વેગ પકડતી હોય છે અને એથી સમીકરણો બદલાય છે. હેમવંતીનંદન બહુગુણાએ પણ ઈંદિરા ગાંધી સામે પડકાર ફેંકીને લોકતાંત્રિક મોરચો રચ્યો હતો. એમને હરાવવા માટે રાજીવ ગાંધીએ એમના બાળગોઠિયા અમિતાભ બચ્ચનને મેદાનમાં ઉતાર્યા હતા, અને બહુગુણા હાર્યા પણ હતા, એ જ બહુગુણાની પુત્રીને કોંગ્રેસ પાર્ટીએ છેલ્લા બે દાયકા દરમિયાન ઉત્તરપ્રદેશની પ્રદેશ સમિતિનું સુવાંગ સુકાન સોંપી દીધું હતું. રીટા બહુગુણાએ ખરા સમયે પાર્ટી છોડીને વાહિયાત લાગે એવા નિવેદન સાથે ભાજપમાં પ્રવેશ મેળવ્યો છે ત્યારે જરુર કંઈક શરતો કરી હશે. રાજયસભાની સદસ્યતાની લાલચથી વધુ કંઈ ભાજપ આપી શકે એમ પણ નથી. રીટાને ભાજપમાં લેવા પડ્યાં તે ભાજપની મજબૂરી છે. એથી પ્રજામાનસમાં ભાજપની ઈમેજ ઝંખવાઈ છે. રીટા વગર ભાજપ ઉત્તરપ્રદેશમાં બ્રાહ્મણ મતબેંક કબજે કરી શકે એમ હતું.

# દમનથી દુષિત વાતાવરણમાં સમાધાનની વાટાઘાટો કેવી રીતે કરી શકાય?


**આખા હિંદુસ્તાનમાં દમનના અહેવાલો શંકારહિત ચારિત્ર્યવાનો રોજ મને મોકલતા રહે છે**

બ્રિટીશ સરકાર અને ઈંગ્લેન્ડના વડાપ્રધાન તરકટી જાહેરાતો અને વચનો જાહેર કરે છે એવા ભારતના વાઈસરોયને ગાંધી પત્રમાં જણાવે છે, એ ગત લેખમાં જોયું. સરકારના હુકમનો અમલ કરતાં પોલીસોએ આચરેલી પાશવતા સહિતનો ઉલ્લેક તેમણે કર્યો હતો. કલકત્તામાં તત્કાલીન મેયર સુભાષચંદ્ર બોઝના નેતૃત્વ હેઠળ નીકળેલા સરઘસને ક્રૂર લાઠીમાર કરી વિખેરી નાંખવામાં આવ્યું હતું. આવી સઘળી અમાનુષી અત્યાચારની વિગતો તેમણે જણાવી હતી. સાથે એમ પણ મહાત્મા ગાંધીએ વાઈસરોયને લખ્યું કે અહીં આવેલી વિગત આપ સ્વીકારી લો એમ હું કહેતો નથી, પરંતુ એટલું જરુર કહું કે આ હકીકતો સાચી માનનાર મારા જેવાથી કશો શ્રદ્ધાપૂર્વક સરકાર આપી શકાય નહીં, એવું આપ મારી જેમ સમજો; ઉત્સાહપૂર્વકના સહકારની તો વાત જ કયાં?

એવો પ્રશ્નાર્થ વ્યક્ત કરવા સાથે અત્યાચારી કિસ્સાઓની તપાસ કરવા માટે નિષ્પક્ષ તપાસ સમિતિ રચવાની માગણી કરી હતી. જો આવી સમિતિ રચાય તો અંગ્રેજ સરકારે કરેલા વારંવારના નિવેદનો તથા વાઈસરોયના વટહુકમોમાં વ્યક્ત થયેલી વાચાથી તદન ઊલટું વર્તન અમલદારોએ કર્યું છે એના પૂરાવા સમિતિ સમક્ષ રજૂ કરાશે એમ કહ્યું હતું.

જો કે વાઈસરોયે મહાત્મા ગાંધીની માગણી સ્વીકારી ન હતી, એટલું જ નહીં સવિનય કાનૂનભંગના આંદોલનમાં ભાગ લેનારાઓ દ્વારા કોઈ અત્યાચાર થયા હોય તો તેની સમગ્ર તપાસ કરવામાં આવે એવી કોઈ દરખાસ્ત આવશે તો તેનો પણ તેઓ અસ્વીકાર કરશે! - એવી ચોર કોટવાળને દંડે એવી વાત કરી હતી. વધુમાં વાઈસરોય જણાવે છે કે ‘આવા આક્ષેપો અને પ્રતિ આક્ષેપોની તપાસમાં ઉતરવાથી સામાન્ય તયા કશો લાભ નહીં થાય. ઈંગ્લેન્ડના વડાપ્રધાનના નિર્દેશનો ઉલ્લેખ કરતાં વાઈસરોય એવી દલીલ કરે છે કે ‘રચનાત્મક કાર્યમાં જે લોકો સાથ આપવા ઈચ્છતા તે બધાને આવી તક મળે તે આજને ટાણે સૌથી મહત્ત્વનું કામ છે. આ કાર્યમાં આથી નિષ્ફક્ષ તપાસ સમિતિના સૂચનથી કશી મદદ થાય એવું તેઓ માનતા નથી એમ કહીને ગાંધીજીના સૂચનને ફગાવી દે છે.’

એ સમયે કોંગ્રેસ કારોબારીના સભ્યોમાં ભંગાણ પડ્યું છે એવી ખોટી વાતો પણ સરકાર દ્વારા ફેલાવવામાં આવી હતી. રોઈટરના ખબરપત્રીને આપેલી મુલાકાતમાં ગાંધીજી ભંગાણ વાળી વાતને કપોળકલ્પિત ગણાવતા મુલાકાતમાં કહે છે ‘સવિનય કાનૂનભંગના ચાલી રહેલા સામુદાયિક આંદોલન જેવી લોક-ચળવળને આખરી સમાધાનની વાજબી આશા વગર થંભાવી ના દેવાય. જો સમગ્ર જનતા સમાધાનની આશામાં સહભાગી ન હોય તો આંદોલન પાછું પણ ના ખેંચી શકાય. હિંદના કોઈ એકલ દોકલ ભાગમાંથી નહીં પરંતુ સમગ્ર હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોમાં સરકારના અમાનુષી અત્યાચારના વિગતવાર અહેવાલો રોજ ને રોજ મારા પર આવતા રહે છે. આ અહેવાલ મોકલનાર સ્ત્રીપુરુષો શંકારહિત ચારિત્ર્ય વાળાં છે, એમ કહીને દમનની ઘટનાઓ સાચી હોવાનું ભારપૂર્વક દર્શાવે છે.’




સવિનય કાનૂનભંગની લડત થોડો સમય મોકુફ રાખવા અંગે રોઈટરના ખબરપત્રીના પ્રશ્નમાં ગાંધીજી પ્રત્યુત્તર આપતાં કહે છે, ‘મારો અભિપ્રાય તો એવો છે કે આ બધા આરોપોની પૂરેપૂરી અને બિલકુલ નિષ્પક્ષપાત તપાસ સિવાય લોકહૃદયને સંતોષ થશે નહીં ને ન્યાયની ભાવના પણ નહીં સંતોષાય. પ્રત્યેક ઘડીએ વાતાવરણ દમનથી દુષિત બની રહ્યું હોય ત્યારે સમાધાનની વાટાઘાટો કેવી રીતે ચલાવી શકાય તે હું સમજતો નથી.’

સંદર્ભ : વાઈસરોયને પત્ર અને રોઈટરને મુલાકાત, ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૪૫, નવજીવન પ્રકાશન, પૃષ્ઠ : ૧૩૬ થી ૧૩૮

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# તોરલ વાણી : ભક્તિ ખાંડા કેરી ધાર

વેદોની જ્ઞાનવાણી, ઉપનિષદોની અનુભવવાણી તેમજ સંતો-ભક્તોની સંતવાણીના ભાતીગળ પ્રવાહોએ આપણાં વ્યક્તિગત તેમજ સામાજિક જીવનને લીલું છમ્મ રાખવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. જ્ઞાનવાણી જે મહદ અંશે સંસ્કૃતમાં વિદ્વાનો સમજી શકે તેવી શૈલિમાં હોય. ભાષાની કે માધ્યમની દૂર્બોધતાને કારણે ઘણીવાર ઉત્તમ બાબતો પણ જન સામાન્ય સુધી પહોંચવી મુશ્કેલ બને છે. સંતવાણીએ આ શ્લોક અને લોક વચ્ચેના અંતરને નોંધપાત્ર રીતે ઘટાડ્યું છે. આથી જ સંતવાણી કે ભજનવાણીની પવિત્ર ધારા કાળના નિરંતર વહી જતા પ્રવાહમાં સ્થિર રહી છે અને સદાકાળ જીવંત રહી છે. અહીં ગુરૂ – શિષ્ય પરંપરામાં ભક્તિમય જ્ઞાનનો પ્રવાહ સુપાત્ર જોઈને વહેતો રહેલો છે. અહીં ગુરૂનો તેથી જ અપાર મહિમા છે.

**ગુરુ કુંભાર શિષ્ય કુંભ હૈ, ઘડી ઘડી કાઢે ખોટ,**
**અંતર હાથ સંવારદે, બાહર મારે ચોટ.**

વાણીની સરળતા તેમજ જીવનના વ્યવહારૂ ઉદાહરણોના સંદર્ભબળને કારણે આ સાહિત્ય લોકભોગ્ય બન્યું છે. સામાન્ય જનને આ વાણી ‘પોતીકી’ લાગી છે. જેસલ અને તોરલના નામો તથા તેમના જીવનની કથા લોકહૃદયમાં સ્થાન પામી છે. આ પાત્રો સાથે જોડાયેલી ‘ક્વિદંતીઓ’ કે ચમત્કારની વાતો બાજુ પર રાખીએ તો પણ સતી તોરલના રચેલા પદ માનવજીવનના શાશ્વત મૂલ્યોની વાત સહજતાથી તેમજ સરળતાથી કરે છે.

**જેસલ કરી લે વિચાર**
**માથે જમ કેરો માર**
**સપના જેવો છે સંસાર**
**તોળી રાણી કરે છે પોકાર**
**આવો જેસલ રાય !**
**આપણ પ્રેમ થકી મળીએ જી**
**પૂરા સંત હોય ત્યાં જઇ ભળીએ જી !**
**ગુરૂના ગુણનો નહિ પાર**
**ભગતી છે ખાંડાની ધાર**
**નુગરા ક્યા જાણે સંસાર**
**એનો એળે જાય અવતાર**
**આવોને જેસલરાય ! આપણ...**
**મોતીડાં એરણમાં ઓરાય**
**માથે ઘણ કેરા ઘાવ**
**ફૂટે તે ફટકિયાં કેવાય**
**ખરાની ખળે ખબરું થાય.**
**આવોને જેસલરાય ! આપણ...**
**દેખાદેખી કરોને મત ભાઇ !**
**હાથમાં દીવડીયો દરશાય**
**અંતરે અજવાળા થાય**
**ચાર જુગની વાણી તોરલ ગાય.**
**આવોને જેસલરાય ! આપણ....**

જેસલ જે પોતાના કાળમાં નિજકર્મો થકી ઘણા અપયશને પામ્યો હતો તેને સ્નેહથી સમજાવવામાં તોરલે જાણે શાસ્ત્રોની તમામ ઉત્તમ વાતો અને ઠોસ ઉદાહરણોનું અસરકારક મિશ્રણ તૈયાર કર્યું છે. સંતવાણીમાં વાતને કે વિચારને મૂકવાની છટા, સરળતા તેમજ વિચાર પ્રાધાન્યતા દાદ આપવી પડે તેવા હોય છે. આથી જ આ ભજનો કચ્છ–સૌરાષ્ટ્રમાં નારાયણ સ્વામી, યશવંત ભટ્ટ કે મુગટલાલ જોષી જેવા મીઠા અને ઘેઘૂર કંઠથી વહેતા થાય છે ત્યારે રાત ટૂંકી પડે છે ! તોરલ સમજાવે છે કે જીવન અર્થપૂર્ણ રીતે જીવવા માટે પ્રેમથી મળવું અને સંત પુરૂષોથી ભળવું એ મહત્વની બાબત છે. સદગુરૂની પસંદગી અને પસંદગી કર્યા બાદ તે સદગુરૂના વાણી – વિચારને સમજીને જીવનમાં ઉતારવા માટે તોરલ જેને સમજાવવા મુશ્કેલ છે તેવા જેસલને આગ્રહ કરે છે તથા તેને સ્નેહ અને સમજાવટથી જ્ઞાનમાર્ગે દોરે છે. આ વાણીમાં બે વાત મહત્વની છે. એક તો સદગુરૂની યોગ્ય પસંદગી અને ત્યારબાદ તેના વાણી કે વર્તન થકી વહેતા વિચારમાં શ્રધ્ધા ધરાવીને જીવન જીવવા યથાશક્તિ પ્રયાસ કરવો. ગુરૂની પસંદગી જ ઉતાવળા કે અવિચારી રીતે માત્ર દેખાદેખીથી કરીએ તો વિપરિત પરિણામો પણ મળે. સાંપ્રત સમયમાં તો આવા પ્રસંગો આપણને અનેકવાર જોવા-વાંચવા કે સાંભળવા મળે છે. કેવી સરસ વાત કહી છે કે કસોટીની અંતિમ ક્ષણે - ઘણના અસહ્ય ઘા પડતા હોય ત્યારે – પણ જે ટકી રહે, પ્રજ્વલિત રહે તેજ શૂરા ગણાય.




ઉદાહરણ કે અનુસરણ એવા લોકોનું જ જીવનમાં હોય તો જીવન સમૃધ્ધ બને જ તે વાત સતીએ સમજાવવાનો પ્રયાસ કર્યો છે. આ વાત અને વિચાર આજે પણ એટલા જ પ્રસ્તુત છે. માત્ર ૧૯ વર્ષની પાકિસ્તાનની કિશોરી મલાલા યુસુફઝાઈએ તાલિબાનોના બળ કે શક્તિથી ડરી જઈને પોતાની સાચી વાત પડતી મૂકી હોત તો દુનિયાને સત્ય માટે મરી ફિટવા તૈયાર હોય તેવી તેજસ્વીનીનું દર્શન ન થયું હોત. પણ ખરે સમયે – કસોટીની ક્ષણે દ્રઢતાથી ટકી રહેનાર લોકો જ કાળના વહેતા પ્રવાહમાં પોતાનું નામ કોતરીને જાય છે. કારણ કે સતી તોરલ કહે છે તેમ આવા લોકો ફટકિયા નથી. તેઓ તો ખરા મોતી છે જે કસોટીમાં ઊણાં ઉતરતા નથી. તોરલે પોતાના જ્ઞાનથી કે અનુભવ વાણીથી જેસલને માધ્યમ બનાવીને જે ડહાપણયુક્ત જ્ઞાનની વાતો સમાજ સમક્ષ વહેતી મૂકી છે તે વિચારો કદી કાલ-બાહ્ય થતા નથી. સમય બદલાય, સ્થિતિ બદલાય તેમ અલગ અલગ સંદર્ભમાં પણ સંતવાણી કે ભજનવાણીના મૂળ વિચારનું તો સાતત્ય રહે જ છે. કારણ કે તે વિચાર શાશ્વત મૂલ્યો અને જીવન જીવવાની ઉત્તમ રીતો સાથે જોડાયેલો છે. સુવર્ણના મૂલ્યની વધ-ઘટ સમય – સંજોગો અનુસાર થાય પરંતુ ચળકાટના તેના મૂળ ગુણને કોઈ expiry date નથી હોતી ! સંતવાણી એ આપણો આવો ઉજ્વળ તથા જીવંત વારસો છે. લોક સાહિત્યમાં સતી તોરલના સંદર્ભમાં એક દુહો વારંવાર બોલાય છે.

**તોરલે ત્રણ નર તારીયા,**
**સાસતીયો ને સધીર,**
**જેસલ જગનો ચોરટો,**
**પળમાં કીધો પીર.**

# સંજય થોરાતના પુસ્તક ‘હેલ્લો ફ્રેન્ડ્સ’નું વિમોચન

વૃત્તસંચય

● ગાંધીનગર સાહિત્યસભાના પૂર્વપ્રમુખ અને મૂર્ધન્ય સાહિત્યકાર, સંપાદક/સંશોધક અને ‘ધરતીનો ધબકાર’ દોલત ભટ્ટના અભ્યાસ ગ્રંથ ‘રણજિતરામ વાવાભાઈ અને તેમનું સાહિત્ય’નો વિમોચન અને લોકાર્પણવિધિ માન. કેન્દ્રિય કૃષિરાજય મંત્રી પુરુષોત્તમ રૂપાલાના હસ્તે તા.૧૫-૧૦-૨૦૧૬ના રોજ સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ, સે-૧૭, ગાંધીનગર ખાતે યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં શબદની દેવી મા શારદાને આરાધી, ભાગ્યેશ જહા લિખિત ગીત ‘અમે અકાદમીના સાક્ષર સૈનિક, સરસ્વતીને પૂજીએ’ રજૂ કરવામાં આવ્યું. ત્યારબાદ માન. કેન્દ્રીય મંત્રી રૂપાલાજી દ્વારા ગ્રંથનું વિમોચન, મંચસ્થ મહાનુભાવો - જાણીતા પત્રકાર ભવેન કચ્છી, વિશેષ ઉપસ્થિત ભાગ્યેશ જહા અને દોલત ભટ્ટના સુભગ સમન્વયથી કરવામાં આવ્યું. શાબ્દિક સ્વાગત અને પ્રાસંગિક ભૂમિકા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા દ્વારા બાંધવામાં આવી અને જણાવ્યું કે ૮૩ વર્ષના યુવાન એવા દોલત ભટ્ટ, સાહિત્યના એક જાણતલ જણ છે અને કોન્કરન્ટ હિસ્ટોરીયન છે. તેમણે લગભગ ૧૧૦ પુસ્તકો મા ગુર્જરીને ચરણે ધર્યા છે. તેમની નવલકથાઓ ઉપરથી ગુજરાતી ચલચત્રો પણ થયા છે. ભવેન કચ્છી એ એક સફળ પત્રકાર છે જયારે માન. મંત્રી રૂપાલાજી એક સફળ-ઉમદા રાજકારણી છે એમ એક સફળ ત્રિપુઠીને એક મંચ પર મળવાનો લ્હાવો અનેરો છે. ત્યારબાદ માન. મંત્રી રૂપાલાજી દ્વારા શાલ ઓઢાડીને દોલત ભટ્ટનું સન્માન કરવામાં આવ્યું, જયારે ઉદ્યોગપતિ એન.પી. પટેલ દ્વારા શાલ ઓઢાડી રૂપાલાજીનું સન્માન કરવામાં આવ્યું.

ભવેન કચ્છીએ રૂપાલાજીના વિવિધ વિષયો પરત્વેના ઊંડા જ્ઞાનની સરાહના કરતાં જણાવ્યું કે, તેઓ સાહિત્ય અને સંસ્કૃતિના નેતા છે. સાક્ષર રણજિતરામના પિતા વાવાભાઈ વિષેની માહિતી આપી. રણજિતરામ મહેતાની જીવન ઝરમર રજૂ કરતા જણાવ્યું કે, પુસ્તક દ્વારા તેમનું પ્રદાન ઓછું છે. કારણ કે તેઓ સંગઠનના વ્યક્તિ હતા. તેમણે સને ૧૯૦૪માં ગુજરાત સાહિત્ય સભા અને ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના કરી. તેમના રાજયશાસ્ત્ર, એકતા, ચેતના, મત જેવા વિષયો પરત્વેના લેખો સુવિખ્યાત છે. તેમના નામનો ‘રણજિતરામ સુવર્ણચંદ્રક’ ઉત્તમ સાહિતયકારના મસ્તકના મુગટમણિ સમાન છે. દોલત ભટ્ટે તેમના વકતવ્યમાં નાટક અને ભવાઈને યાદ કરીને, ૩૬૦ ભવાઈવેશના સર્જ અસાઈત ઠાકરને યાદ કર્યા તથા પટાધર પાટીદાર - સિંહજના રખીદાસ અને ઊંઝાના હેમાળ પટેલને યાદ કરી, હેમાળ પટેલની દીકરી ગંગાને જુલ્મીઓ પાસેથી છોડાવનાર અસાઈત ઠાકરે, ભવાઈ વેશથી ગુજરાતી પરંપરાને જીવતી રાખી છે તેમ જણાવ્યું. રૂપાલાજીએ તેમના અધ્યક્ષીય પ્રવચનમાં જણાવ્યું કે, ગાંધીનગર એ ફક્ત રાજકારણનું નગર નથી રહ્યું પરંતુ અહીં કલા, સાહિત્યનાં પોંખણાં પણ થાય છે. ગુજરાતી ભાષાની ચિંતા કરનાર સમર્થ સાહિત્યકાર રણજિતરામ વિષેનો માહિતી સભર ગ્રંથ રચનાર દોલત ભટ્ટ એ ઈતિહાસના શોધક છે. તેઓ બહારવટિયા કથાના વિરોધી વિચારધારા ધરાવનારા, ખંડેરો ખંખોળીને પરંપરાઓનું નિરુપણ કરનાર એક સમર્થ સાહિત્યકાર છે. રૂપાલાજીએ આ તબક્કે, ગુજરાતી ભાષાનો પીંડ બાંધનાર અંગ્રેજ લેખક ફાર્બસને યાદ કરી, આપણી વિદેશી ભાષા તરફની દોડ અને અને માતૃભાષા ગુજરાતીની અવહેલના બાબતે ચિંતા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ મનોજ શુક્લ દ્વારા કરવામાં આવી હતી. મૂર્ધન્ય સાહિત્યકાર અને ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ દોલત ભટ્ટને અભિનંદન.

ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી અને કોલમનીસ્ટ સંજય થોરાતના પ્રથમ પુસ્તક ‘હેલ્લો ફ્રેન્ડ્સ’નો વિમોચન કાર્યક્રમ તા.૧૬-૧૦-૨૦૧૬ના રોજ, સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ, સે-૧૭ ગાંધીનગર ખાતે યોજાઈ ગયો. આ વિમોચન સમારોહના અધ્યક્ષસ્થાને ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, વિમોચનકાર તરીકે ખ્યાતનામ કોલમીસ્ટ ભવેન કચ્છી, મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા અને અતિથિ વિશેષ પદે ગાંધીનગર શહેરના જાણીતા સાહિત્યકાર કનૈયાલાલ ભટ્ટ અને જાણીતા આર.જે. મેઘા ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં હોલની બહાર કુંવારિકા દ્વારા કુમકુમથી તિલક કરી અતિથિઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે ગણેશવંદના ત્રણ અલગ અંદાજમાં હનીફભાઈ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી. લેખકની જયેષ્ઠ પુત્રી રિદ્ધિએ પોતાના પિતા સાથેના અનુભવોનું ભાવવાહી વર્ણન કર્યું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ત્યારબાદ થોરાતે પોતાના માતુશ્રી સુશીલા બેનનું સન્માન કર્યું. થોરાતના વયોવૃદ્ધ શિક્ષક અને સાહિત્યકાર મંગળદાસ પારેખે થોરાતનું સન્માન કર્યું. મંચસ્થ મહાનુભાવોની સાથોસાથ અન્ય અતિથિઓનું પણ ગુલાબપુષ્પથી સ્વાગત સર્વેને મીઠાઈ વહેંચવામાં આવી. આ કાર્યક્રમમાં સાહિત્યકાર દોલત ભટ્ટ, સુરેશ ભટ્ટ, કિશોર જીકાદરા, નિપુણા ચોકસી, શિવશંકર દવે ઉપરાંત, એન.પી. પટેલ, કમલ કિશોર જૈન, નિશિત વ્યાસ, ભાવેશ એરડા, મનોજ શુકલ, અશ્વિન ત્રિવેદી, વર્ષાબેન પારેખ, મીરાબેન બુટાણી ઉપસ્થિત રહ્યા હતા. આભારદર્શન ડૉ. જયેશ શાહ દ્વારા અને ઉદ્‌ઘોષક તરીકે ગાંધીનગર કોલમીસ્ટ પુલક ત્રિવેદી અને વિવિધ ભારતીનાં નેહલે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. સંજય થોરાતને ખૂબ ખૂબ અભિનંદન સાથે અંતરની શુભેચ્છાઓ.




● સૌરાષ્ટ્ર યુનિ. ખાતે વિશ્વ પ્રસિદ્ધ સંત પૂ. મોરારી બાપુની ઉપસ્થિતિમાં, સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ સ્થાપિત મેઘાણી, કેન્દ્ર દ્વારા શિવદાન ગઢવીને ‘મેઘાણી એવોર્ડ’ અને લાખાભાઈ ‘ગઢવીને હેમુ ગઢવી એવોર્ડ’ તાજેતરમાં અર્પણ કરવામાં આવ્યા. આ એવોર્ડમાં દરેકને એક એક લાખનો એવોર્ડ પૂજય મોરારી બાપુના હસ્તે એનાયત થયો. આ સમારોહના ઉદ્‌ઘાટક તરીકે કેન્દ્રીય રાજયમંત્રી પુરુષોત્તમ રૂપાલા અને મુખ્ય મહેમાન તરીકે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા. પદ્મશ્રી ભીખુદાન ગઢવીએ માતાજીની સ્તુતિ રજૂ કરી હતી. જયારે સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણે સ્વાગતપ્રવચન કર્યું હતું. મેઘાણી કેન્દ્રના નિયામક ડૉ. અંબાદાન રોહડિયાએ શિવદાન ગઢવીનો પરિચય આપતા જણાવ્યું કે તેમણે લોકસાહિત્ય અને ચારણી સાહિત્યનાં ૩૮ પુસ્તકો લખેલ છે, જેમાં ૪૫૯ લોકકથાઓ અને ૭૦ ચારણી કવિઓનો સમાવેશ કરેલ ચે. તેઓને અકાદમી અને પરિષદનાં પારિતોષિક મળેલ છે. અને ‘કાગ એવોર્ડ’ થી પણ નવાજિત થયેલ છે. ‘સરફરોશી’ શ્રેણીમાં ક્રાંતિવીર કેસરીસિંહના પુસ્તકની ૨૫,૦૦૦ પ્રતો રાજય સરકારે છપાયેલી છે. લાખાભાઈ ગઢવીની પસંદગી થયા બાદ તેમનું અવસાન થતાં, તેમનાં પત્નીને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સમાપન ડૉ. ધીરેન પંડ્યાએ અને સંચાલન ડૉ. અંબાદન રોહડિયાએ કર્યું હતું.

-muljibhaidadhi@gmail.com